वीरमती नाटकनां गायनो.

રચનાર

ડા૦ દામોદર રતનસી સોમાણી.

દોહરો.

ગાયન આ લઘુ ગ્રંથનાં, છે શિક્ષક ગુણકાર;
મનન સાળથી જો વણે, થાય વસ્ત્ર સુખકાર.

મુંબઈ:

ઓરિયન્ટલ છાપખાનામાં છપાવી પ્રસિદ્ધ કર્યું.

સંવત ૧૯૩૬. સને ૧૮૮૦.

કિમ્મત ૧ આનો.

૭૫૮૦

वीरमती नाटकमां गवातां गायनो.

પાંચ અપ્સરા આવી ઇશ્વર સ્તુતિ કરે છે.

१ ली अप्सरा— શાર્દૂલવિક્રીડિતછંદ.

વંદુ હું જગનાથ નાથ દીનનો અધ્યક્ષ છે સર્વનો,
જે છે સાક્ષી તમામ પ્રાણી જનનો સારાંભુડાં કર્મનો;
જે છે વ્યાપક સર્વમાં ગુણનીધી શાંતીતણું ઠામ છે,
આપે દર્શણ તે પ્રભૂ કરી દયા સ્વામી અભીરામછે.

२. जी अप्सरा— વસંતતિલકા.

જે છે અનાદી અજને જગ પાળનારો,
જે સત્ય શાંતિમય વ્યાધી વિદારનારો;
જે છે સ્વયંભુ અવીનાશી અનાદી દેવ,
દે દર्शણાદિ સુખ હું કરૂં નીત્ય શેવ.

३ जी अप्सरा— માલીનીછંદ.

નિર્ગુણ વીભૂ સ્વામી વિશ્વવંદ્યા વિધાતા,
સકળ જગતનો છું શાંતિ ને સુખદાતા;
ષડવિધિ ગુણથી તું યુક્તછું વિશ્વનાથા,
દર્શણ પ્રીતથી દે હું નમું પ્રાણદાતા.

४ थी अप्सरा— શિખરીણી.

સવીતા તું ધાતા સુખદપદ દાતા સુખકરા,
નિયંતા સાક્ષાતા જગતપિતું માતા દુખહરા;
પુરાણે પ્રખ્યાતા નિર્ગુણમનાતા જગધરા;
સહુ પ્રાણી માતા દરશણ નિજ દે તું અઘહરા.

५ मी अप्सरा— મંદાક્રાંતા.

જેથી દીસે, સકળ જનના ચીત્તમાંહિ વીરામ,
છે જે વ્યાપ્યો ઘટ ઘટ મહી નિર્વીકારી તમામ;
જેની સત્તા, ચર અચરમાં વ્યાપીછે સર્વ ઠામ,
તે દે પ્રેમે દર્શણ મને પૂરવા મંનકામ.

६ ठी अप्सरा— ભૂજંગી.

કૃપાનાથ કલ્યાણકારી જગેશ, પ્રભુ નિર્વિકારી અનાદી પરેશ;
કૃપાને દયા જેનીછે સર્વ ઠામ, નમુંદે મને દર્શણો આત્મરામ.

પાંચ અપસરાઓ મળી પ્રાર્થના કરેછે.

પદ

આનંદકારી તું વીશ્વવિહારી, અકલીત લીલા તુજ સુખકારી—ટેક
તુ સુખદાતા છે જગત્રાતા, ભકતતણો પ્રતિપાલ મુરારી—આનંદ.
વંદુ તને હું દયાળ દયા કરી, આ ભવ દુખથી લેજે ઉગારી--આનંદ.
ધ્યાન તારૂં અવિનાસી ધરૂં ચીત, અન્ય તણી ગતી શી દુખ હારી.
આનંદકારી તું વીશ્વવીહારી, અકળીત.

ઘોડી ચારો ખાતી નથી તેથી કહે છે.

જગદેવ—શું વખાણ કરૂં તારા, ઘોડી તું સુજાત ખરી
દેખી તું ઉદાસ મુજને ચારો ન ખાતી જરી
સગપણ તો તેં રાખ્યું સાચું, બીજાનું દેખાયું કાચું
વા'લા મીત્ર કરતાં પણ વહાલમાં અધકી કરી.

બાગમાં આવતાં ગાય છે.

વીરમતી— ભેરવીની ગજલ.

મને સુઝ પમાડ પ્રભુ તું, હવે શું કરૂંરે (બે વાર)
હવે કોને વરૂંરે—મને સુઝ.
સાખી—પ્રીતી સાગર દોહલો, કઠણ ઉતરવો પાર
ભ્રમણા રૂપી પર્વતો, વચમાં નડે અપાર—મને સુઝ.
પ્રીત કરે મન અંધ થઇ, તે પછીથી દુખી થાય
સુખને બદલે તે કરે દુઃખે દુઃખની હાય—મને સુઝ.

માતાની સ્તુતી કરેછે.

વીરમતી— ચતરંગ.

મા શું હું તારા ગાઉ, વરણી ગુણને—મા શું હું.
તુજ દયાનીધી કરજે, મારૂં કાજ, તરૂં હું તુજ આશિષે આજ
મા શું હું તારા ગાઉ—વરણી ગુણને.

વીરમતીને કહે છે.

જગદેવ— ગજલ.

હું શું મુખથી કહું દુખ, જોઇ તુને જયારની

થઇ છે કટારી પાર, આ દુઃખી દીલમાં પ્યારની
ક્ષણ એક ન ચેન પડે, ચીત્ત તારૂ ચીત્તમાં ફરે
પણ વિચારૂં તો આખરે, શી ઇચ્છા લાચારની—હું શું

वीरमतीने कहे छे.

जगदेव— (ગુંથ લાદે માલનીયા હારવા) એ રાહ.

હે કલ્યાણી અપરાધ તું કરે કેવાં
તોપણ કીધા હોય તો છે ક્ષમા
ઘટે ન તુજને બોલવું મુખથી
દીનપણે વચનો એવાં—હે કલ્યાણી.

एकली नदी किनारे बेसी गाय छे.

सूभगा— ગજલ.

ચાહું છું જેને મનથકી ઇચ્છે ન મુજને તેહ
ધરતાં સદા મેં ધ્યાન તેનું, ગાળી છે આ દેહ—ટેક.
ચાહું છું જેને પ્રીતથી, ગણકારે નહી તેહ
બળે પતંગ પડી દીપકે, દીપકને નહી નેહ
દીપક નહી જાણે કે મુજ માટે મરેછે એ—ચાહું છું.
ભમર વાસને ફોડતો, પણ કમળે બંધાય
ભેદે કમલ ન પ્રીતથી, કમળ ન હૈડે ચહાય
કમળ ન હૈડે ચા'ય, ઉલટો કેદ રાખે છે—ચાહું છું.
ચાતક તરસ્યો જો મરે, ઘનબિંદુવીણ હાય,
સર સરીતા જળના ગણે, તોપણ મેઘ ન ચા'ય;
તોપણ મેઘ ન ચા'ય, જઇને સીંધુમાં વરશે—ચાહું છું.

ચકોર નિરખે ચંદ્રને, તજી દેહનું ભાન,
દર્શણથી પ્રફુલ્લીત બને. પણ શશી દે નહી ધ્યાન;
પણ શશી દે નહી ધ્યાન, મુખવાદળમાં સંતાડે—ચાહું છું.

લાલરાજને વિનવે છે.

સૂભગા— રાગ જોગીઓ આસાવરી.

જન્મી હું પેટ ગુણીકાને જ્યારથી પ્યારા,
લાગ્યા ત્યારથી ભોગ, જાણું મનથી મારા—ટેક.
પણ તેમાં શું વાંક મારો, કર્યું એ વિધીએ કામ.
તોપણ તું ગુણીકાને ગણે, પ્રેમહીણ પ્યારા—જન્મી.
કર તું દયા પ્યારા હવે, મુજ હૃદયે રમનાર,
દાસી ગણીને કર ગ્રહણ, આ હસ્તનો મારા—જન્મ.

લાલરાજને કરગરે છે.

સૂભગા— રાગ પીલું.

નહી નહી તું ના ધીકાર,
નહી તજું તને તું પ્રિયછે હૈયાનો હાર—નહીં નહીં.
તુજ મુખચંદ્ર જોઇ હું ચકોર જીવું
તેને તું પ્રેમ દૃષ્ટ જોઇને ઉગાર—નહી નહી.

પોતાની સખીને કહે છે.

વીરમતી— ગજલ.

હતી આશા જેમને પુરી થશે આજે સહી
કેમ બેઠીછે હવે, આ હાર પહેરી લે અહીં

માત પીતા કેછે મુખે, વરવા મને જગદેવથી
આપો આપ થયું ઇચ્છીત, સાહ્ય અંબાજી થઇ.

वीरमती जगदेवने कहे छे.

वीरमती— ૫૬.

વરૂં હું તને નહી તો નહી પ્યારા, કુંવારી રહી ભવ પુરો કરૂંરે-વરૂં.
માગું કરેછે પીતાજ પુત્રીનું, તોપણ ધ્યાન શું આપો નહીરે
એવી શું ખોડ જોઇ પ્રિય અમમાં કેમ વરવા તણી ના કહીરે—વરૂં.

जगदेव वीरमतीने कहे छे.

जगदेव—(હટ જા કાંના ભરન દે પાની) એ રાહ.

એવું ન બોલ તું અતીછે મને પ્યારીરે
સ્થીતી મારી જોઉંછું વિચારી
પરણી કરૂં શું દુઃખીઆરીરે—એવું ન બોલ.

सिद्धराज अने दरबारीओ आरती उतारे छे.

सिद्धराज— આરતી.

જય બજરંગબાલા (બેવાર) અંજની સુત મારૂત પુત,
અંગે મતવાલા—જય બજરંગબાલા;
તેલ ચડે સિંદૂર, ફુલડાંની માલા (બેવાર)
અડદ ચડે આનંદે, છો તું જગપાળા—જયબજરંગ.
નિવીધી તાપ તું કાપ છો તું ભુપાળા (બેવાર)
રંકદાસની ઉપર, થાજો કૃપાળા—જયબજરંગ.

कंचनी सिद्धराजनी सभामां गाय छे.

कंचनी— ઠુમરી. (શોતન ધર ગયે રહેરે) એ રાહ.

ધન્ય ધન્ય સિદ્ધરાજ આજ સહુ કહે કહેરે,
રૂદ્ર માળ તેં રૂડી રચાવી, કર્યું કામ જય કારીરે;
ઇંદ્ર ભુવન સમ શોભીત થઇછે, પાર કોણ લહેલહેરે-ધન્ય ધન્ય
જુગ જુગ નામ રેંશે તુજ કાયમ, ધર્મવંત નૃપમાયરે,
શોભાવ્યું તેં કામ સર્વમાં, શુરવીર થયે થયેરે—ધન્ય ધન્ય.

सूभगा पुस्तकमां वांचे छे.

सूभगा— શાર્દૂલ.

દાડો રાત હું જંખતી તું વિરહે છાતી બહુ બાળતી,
કોઈ સ્થાન ન શાંતી રાખી ઠરતી ફર્તી હું પોકારતી;
ભેટ્યો આજ કરે વતી તું પ્રીતથી, આનંદમાં મ્હાલતી,
લાગે જેમ મળીજ દગ્ધ પતિને વિયોગમાંહિરતી.

सूभगा एकली उदास थई गाय छे.

सूभगा—(ઓધવજી સંદેસો કેજો શામને) એ રાહ.

નિરાશ છું દુખ કોની આગળ હું કહું
પાપ પેલે ભવકર્યાંહશે અપાર જો
તે કારણ હું દુખ આ ભવમાં બહુ સહું
કરગરૂ તોપણ લાલન માને લગાર જો—નિરાશછું.
ચોંટયું છે જો ચીત્ર એનું મુજ ચીત્તમાં
ખસવતાં હવે ખસતું નહી લગાર જો.

ઉલટુ દુખ આપીને સાલે દીલમાં
તોય પ્રીતમ કરતો નહી મન વિચાર જો—નિરાશક્કું

सूभगा लालराजने समजावे छे.

सूभगा— રાગ પીલુ.

કેમ દયા હીણ થઈ લાલ ઝુરાવે
એવો શો થયો અપરાધ કે ન પાસ આવે. કેમ—ટેક.
ચરણમાં પડી તારા અરજ કરૂં છું
દાસી તું ગણીને ચીત્ત રાખ ઘેર તારે—કેમ દયાહીણ

सूभगा ओरडामां पूरायली गाय छे.

सूभगा— શાર્દૂલવિક્રીડિત.

સંયોગીણ રમે પતિશું પ્રીતથી વિયોગમાં હું રડું,
ચોળે અત્તર ભાળપે પ્રીત થકી સંતાપમાં હું પડું;
વારી ઉષ્ણ થકીજ સ્નાન કરતાં નેત્રોદકે હું નહું,
રીઝાવે પિયુને વીલાશ કરીને હું તો રડીને રહું.

वीरमती मातानी प्रार्थना करे छे.

वीरमती— ગરબી. સીતાના મહીનાનો રાગ.

અહો જગતંબે મુજ માય, તું કરને સહાયરે
નહીં અન્ય તણો ઉપાય, જો તું ભુલીજાયરે
દૂષ્ટ જા મોતીએ પુરી આંહી, ઉપર દીધી કડી
રાખી કીંકરીની તું દયા, છોડવને માવડી

भूतडां स्मशानमां गाय छे.

भूतडां—(પીઠી ચોળોને પટરાણી રે) એ રાહ.

ધન્ય ધન્ય દીવશ ઘણો આજરે
થશે સરદાર આપણો સિદ્ધરાજરે
કરશું હવે મનગમતી મોજરે
આપણ કેવા શું શુરવીરની ફોજરે
તેથી નાચે ધરી સહુ હામરે,
સરસે હવે આપણ સહુનું કામરે,
લીઓ લીઓ આ તુંબડી હાથરે,
પિઓ પિઓ રૂધીર રૂડી જાતરે.

वीरमती जामोतीना घरमां केद थयेली गाय छे.

वीरमती—(લાગી હય લગન તુજશે છુડા કોન શકેગા.) એરાહ.

મુક્ત કરશે કોણ બંધનથી પ્રભુ વીના,
દુષ્ટાએ લાવીને દગેથી છે ફસાવી હ્યાં;
જગદીશનામી શીષ જાચુછું તને અબળા,
દયાળુ તું કરીને દયા જગદેવ છોડવી જા;

सूभगा उदास थई गायछे.

सूभगा—પદ. (નારાયણ નરસીંહ) એ રાગ.

છે સંસાર સાગર દુખ કેરો નિઃસાર તજ વો યોગ્ય સહી,
માતપીતા સુત દારા સરવે ઋણબંધથી માન્યાં સહી;

સ્વારથમાં આ જગત વિંટાયું, સત્ય અચળ કંઈ સુખદ નહીં-છેમ
ઘર લુંટાયું પ્રિય મુવો મુજ માત દશા બહુ બુરી થઈ,
રાજાની અવ કૃપા થઈ માટે, સાધવી થઈ જવું મને નહીં-છે મં.

जगदेव वीरमतीने कहे छे.

जगदेव— (કહું કયા ફુલકકા) એ રાગ.

મરૂં હું જે અર્થે તે તો યોગ્ય થાએ
પણ તું મરે વ્યર્થ છે યોગ્ય નાએ
તેથી પ્રથમ મેં કહી નાજ પ્યારી
પરણી મને સુખ ન પામી જરા એ—મરૂં.
તેથી તું પ્યારી અરે ઘેર જાને
વચન મારૂં છેલું કરી માન્ય આએ—મરૂં

वीरमती उत्तर आपे छे.

वीरमती— લાવણી

વદો મુખ વચન તમો વિચારી
સમજું થઇ થયા શું અવિચારી
પ્રાણ દેહને તજી જતાં, કહે રહેજે તું હયાત
એમ નીર્જીવ જો દેહ રહે તો, કોણ રડે જીવ માટ—વદો.
તેમજ પતી પત્નીનું સમજો, પત્ની દેહ પતી પ્રાણ
તે રીતે જો પ્રાણ જાય તો, થાય દેહની હાણ—વદો.

जगदेव वीरमतीने मारती वखते.

जगदेव— પદ.

પ્યારી હું કેમ મારૂં તને હાથે,
પરણી મને સુખ લેશ ન પામી;
પણ દુઃખ સહ્યું મુજ માટે—પ્યારી.

जगदेव सिद्धराजने समजावे छे.

जगदेव— રાગ પદ.

કરો કુશળ રહી રાજ, દયાલું કરો કુશળ રહી રાજ;
આપ દુખે નહી પ્રાણ દેઉં તો લાગે કુળને લાજ—દયા
લાભ નહીં જીવ્યાથી મારા, આપથી પળશે લાખ;
માટે તમે અટકાવો ન અમને, ખુશીથી કરીએ કાજ—કરો કુશળ.

दैवीवाणी.

(नभवाणी)—શબ્બુરો તું સબ્બુરરે પકડ ગુલનાર (એ રાહ.)
ન ઉન્મત થતો બાબરા તું લગાર
કરૂ દુષ્ટ તારી ગતી હું આ વાર,
તેં નિર્દોષને દુઃખ આપ્યું અપાર;
તેનું દુષ્ટ ફળ ચાખ તું આ લગાર.

સિદ્ધરાજ, વીરમતી અને જગદેવ સાથે માતાની પ્રાર્થના કરે છે.

ગરબી. (અલબેલી અંબે) એ રાહ.

અમે વિનવીએ તુજને માય વીનયથી કર જોડી
જેથી પાપ બધાં ધોવાય, દયાળું તું માડી
તેં બ્રહ્માંડ સકળ સ્થાપીને, કર્યો અસુરનો નાશરે
ભકતનું પાલણ માજી કરોછો, તોડી ભવનો પાશ—દયાળું
બ્રહ્મા વીષ્ણુ સુરેશ્વરને છે, ઉમયા પતી મહેશરે
સારદ નારદ સુકસનકાદીક, સ્તુતી કરે તુજ શેષ—દયાળું
ભકતનું તારણ દુખ વિદારણ સુખ કારણમા શુરીરે
તોતળી જીભથી શાગુણ ગણીએ, આશા પુરી અમારી-દયાળું

માતાએ સિદ્ધરાજને આપેલો આશિર્વાદ,

શાર્દૂલવિક્રીડિતછંદ.

મોટા વારણ તુજ બારણ ઝુલે રણમાં ઝુલે કીરતી,
દે ઐશ્વર્ય તને સુરેશ્વરસમુ સર્વેશ્વરાધીપતી;
સંપત્તી સુખ સંતતી નીત વધો પામો પ્રજાની પ્રીતી,
ભકતી શ્રુમતિ શાંતિ સદ્ગતીથકી સુનીતી પામો અતી.
પામો ચાર પદાર્થ અર્થ સરજો કીર્તી રૂડી પામજો,
દીર્ઘાયુ બનજો સ્વધર્મ ધરજો શત્રુને સંહારજો;

પ્રેમે રૈયત પાળજો પ્રતિદીને દિલે દયા વાસજો,
થાજો સર્વ સુકાર્ય સીદ્ધ સિવરાજ કલ્યાણ તારૂ થજો.

માતાની આજ્ઞાથી જોગણીઓ આવી ગાય છે.

લાવણી.

ગુણ તારા, કોણ ગણી શકે ગણનારા—ટેક.
ઘટઘટમાં તું વાસ કરીને કષ્ટ દાસનાં કાપે
ભાવે ભકતી કરે તેહને તું ફળ આપે સારાં.—ગુણ તારા.
હણ્યાં અસુર તેં અનેક પૂર્વે સુરને દુખ દેનારા
સૃષ્ટી તણું હીત જાણી મનમાં કરે વૃષ્ટીની ધારા—ગુણતારા.

સમાપ્ત

આ ચોપડીઓ નીચે લખેલે ઠેકાણેથી મળશે.

	રૂ.	આ.	પૈ.
વીરમતી નાટકનાં ગાયનો	૦	૧	૦
સીતાહરણ નાટકમાંના ગાયનો....	૦	૧	૦
ઓખાહરણનો ગાયનરૂપી ઓપેરા	૦	૧	૦
કામસેન અને રસીકા નાટકમાનાં ગાયનો ...	૦	૧	૦
સદેવંત શાવલીંગાનો ઓપેરા	૦	૧	૦
રૂક્ષ્મણીહરણ....	૦	૧	૦

મુંબઇમાં આ ચોપડીઓ નીચે લખેલે ઠેકાણેથી મળશે—કાલકાદેવીને રસ્તે ભાટિયા મહાજન વાડીને નાકે ચીનાઈ તથા હિંદુસ્તાની ચાયની દુકાનેથી; મામાદેવીપાસે પંડિત જેષ્ટારામ મુકુંદજીની દુકાનેથી; રામવાડીપાસે ઈશ્વરદાસ લાયબ્રેરીમાંથી; તથા સુતારચાલીને નાકે વેણીરામ પરષોત્તમ ટોપીવાલાની દુકાનેથી.